BAOU
Education for All

Dr. Babasaheb Ambedkar
Open University
(Established by Government of Gujarat)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

BAOU CATEGORY 1 UNIVERSITY GRADED AUTONOMY UGC

# આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો 11મો પદવીદાન સમારોહ સંપન્ન

## »ડૉ.બાબાસાહેબ આંબેડકરે હરહંમેશ સમાનતા પર ભાર મૂક્યો

ગુજરાત મેઈલ • ગાંધીનગર



રાજ્યપાલશ્રીના હસ્તે રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગના અધ્યક્ષ કિશોર મકવાણાને &★39;ડૉ. બાબાસાહેબ આંબેડકર સમરસતા પુરસ્કાર&★39; એનાયત

ઉત્કૃષ્ઠ દેખાવ કરનારા વિદ્યાર્થીઓને સુવર્ણ તેમજ રજત ચંદ્રક અને સર્ટિફિકેટ આપી સન્માનિત કરાયા, કુલ ૨૨,૭૭૦ વિદ્યાર્થીઓને પદવી અપાઈ

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો ૧૧મો પદવીદાન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ કહ્યું કે, આ સંસ્થા એવા વિદ્યાર્થીઓ માટે આશાનું કિરણ છે, જેઓ વિષમ પરિસ્થિતિઓને

કારણે શિક્ષણથી વંચિત રહી ગયા હોય.આ માટે તેમણે કુલપતિ ડૉ. અમી ઉપાધ્યાય અને તેમની ટીમને યુનિવર્સિટીના સફળ સંચાલન અને સંસ્થાની પ્રગતિ માટેઅભિનંદન પાઠવ્યા હતા. શ્રી આચાર્ય દેવવ્રતજીએ ડૉ. બાબાસાહેબ આંબેડકરના સંઘર્ષોને યાદ કરતાં સામાજિક સમાનતા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, વેદો અને શાસ્ત્રોમાં ક્યાંય જાતિવાદ કે ભેદભાવનો ઉલ્લેખ નથી, પરંતુ મધ્યકાળમાં ખોટી વ્યાખ્યાઓ દ્વારા સમાજમાં દીવાલો

ઊભી કરવામાં આવી હતી.

તેમણે જણાવ્યું કે, સાચો મનુષ્ય એ જ છે જે બીજાના દુઃખને સમજી શકે. રાજ્યપાલશ્રીએ અનુસૂચિત જાતિ અને જનજાતિના પરિવારો સાથે ભોજન લઈને સામાજિક સમરસતા વધારવાના પોતાના અનુભવો વિશે પણ વિગતવાર વાત કરી હતી.

ગુજરાત મેઈલ
તારીખ : 08/05/2026